# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કૃપાલી મહીચ્છા

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૮-૦૫-૨૦૨૪ શનિવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## હવામાન:

હવામાન વિભાગે આજે તાપમાન 43 ડિગ્રી થી 45 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની શક્યતા હોવાથી સમગ્ર રાજ્યમાં ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આવતીકાલથી 23 મે વચ્ચે મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્શિયસની આસપાસ રહેવાની શક્યતા છે.
ત્યારે હવામાન વિભાગ દ્વારા બહાર પડાયેલ માર્ગદર્શિકામાં લોકોને ગરમીથી બચવા બહાર જતી વખતે પાણીની બોટલ સાથે રાખ વી, બિનજરૂરી કારણોસર બહાર ન નીકળવું અને બહાર જતી વખતે છત્રી, ટોપી, સ્કાર્ફ સાથે રાખવા , લાંબો સમય તડકાંમાં ન રહેવા સહિતની સાવચેતી રાખવા અપીલ કરી છે.
હિટવેવ ને પગલે કચ્છભરમાં ગરમીનો પારો ઉચકાયો છે. ભુજમાં વિક્રમી તાપ નોંધાયો હતો. આજે ભુજમાં મહત્તમ ઉષ્ણતામાન ૪૪ ડીગ્રી જયારે લઘુતમ ઉષ્ણતામાન ૨૭ ડીગ્રી નોંધાયું હતું. શનિ અને રવિવાર બે દિવસ અગનવર્ષા બાદ સોમવારથી તાપમાનનો પારો થોડો નીચે ઉતરવાની હવામાન વિભાગે સંભાવના વ્યક્ત કરી છે.

- (RNU અમદાવાદ)

---

## આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ:

આજે આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસની ઉજવણી થઇ રહી છે . કલા અને ઈતિહાસથી લઈને વિજ્ઞાન અને ટેક્નોલોજી સુધી મ્યુઝિયમોની મહત્વપૂર્ણ ભૂમિકાને ઓળખવા ગુજરાત સરકારના પુરાતત્વ અને સંગ્રહાલયો વિભાગ દ્વારા કચ્છ સંગ્રહાલય ખાતે આજે આંતર રાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની ઉજવણી અંતર્ગત કચ્છ સંગ્રહાલયના સ્થાનિક અનુભવી ગાઇડસ દ્વારા હમીરસરના આસપાસના સ્થળોએ હેરિટેજ વૉકનું આયોજન કરવામાં આવ્યું હતું.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## આઈટીઆઈ-રાપર:

આઈ.ટી.આઈ રાપર ખાતે ૩૮૮ બેઠકો માટે એડમીશન-૨૦૨૪ માં વ્યસાયિક કોર્ષ જેવા કે, ઈલેક્ટ્રીશિયન ,કોપા, ફીટર, વેલ્ડર, સોલાર ટેકિનશિયન, હેલ્થ સેનેટરી ઇન્સ્પેકટર , વાયરમેનમાં પ્રવેશ મેળવવા માટે ઇચ્છુક ઉમેદવારોએ તા.૧૩ જુન ૨૦૨૪ પહેલા અત્રેની સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરવા આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રાપરની અખબારી યાદીમાં જણાવાયું છે.

- (મા.ખા. ભુજ)

---

## યોગ શિબિર:

ગુજરાત યોગ બોર્ડ દ્વારા રાજ્યમાં 200 પૈકી પશ્ચિમ કચ્છમાં પાંચ સ્થળે આગામી તારીખ ૨૦ થી 29 મે ના "સમર યોગ શિબિર"નું આયોજન કરાયું છે. શિબિર નિ:શૂલ્ક છે અને તેમાં 7થી 15 વર્ષના બાળકો જોડાઈ શકે છે.

કેમ્પમાં જોડાવા સંબંધિત માહિતી માટે શિબિરના કચ્છ ઝોન કો-ઓર્ડિનેટર વિજયભાઈ શેઠ મોબાઈલ નંબર 90998 81155 અથવા જિલ્લા કો-ઓર્ડિનેટર હિતેશ કપૂર મોબાઈલ નંબર 98252 60241 નો સંપર્ક સાધવાનો રહેશે..

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ધાણેટી-અકસ્માત:

ભૂજના ધાણેટી નજીક ટ્રક અને મોપેડ વચ્ચે આજે અકસ્માત સર્જાતા મોપેડ પર સવાર દંપતીનું ઘટનાસ્થળે મોત થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પતિ પત્ની મોગલધામમાં દર્શન કરીને પરત ફરતા આ ઘટના બની હતી. પધ્ધર પોલીસે અકસ્માત સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---